આજની પ્રાર્થના....

ઉરે સદા તવ સ્નેહભીની મંજરી મહેકી રહો, પૂર્ણ પ્રાપ્તિની સભરતામાં શેષ જીવન આ વહો...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૮૮ | ૮ જુન, ૨૦૨૧, મંગળવાર; વૈશાખ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં ૨૧મીથી ૧૮+ તમામને મફત વેક્સિન

**વડાપ્રધાન મોદીનું કોરોના સંકટને લઈને દેશને સંબોધન : રાજ્યો પાસેથી વેક્સિનેશનનું કામ પાછું લેવામાં આવશે અને હવે કેન્દ્ર સરકાર જ આ કામગીરી કરશે એવી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મહત્વપૂર્ણ જાહેરાત : રાજ્ય સરકારે વેક્સિન પર એક પણ રૂપિયો ખર્ચવો નહીં પડે, ઓક્સિજન માટે યુદ્ધસ્તર પર કામ કર્યું**



નવી દિલ્હી, તા. ૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના સંકટને લઈને દેશને સંબોધિત કરતાં એક મોટી જાહેરાત કરી છે. યોગ દિવસ એટલે કે ૨૧ જૂનથી દેશમાં ૧૮ વર્ષથી વધુ ઉંમરના તમામ લોકોને ભારત સરકાર દ્વારા મફતમાં વેક્સિન લગાવવામાં આવશે. પીએમ મોદીએ જાહેરાત કરી કે, રાજ્યો પાસેથી વેક્સિનેશનનું કામ પાછું લેવામાં આવશે અને હવે કેન્દ્ર સરકાર જ આ કામ કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, દેશની કોઈપણ રાજ્ય સરકારને વેક્સિન પાછળ કોઈ ખર્ચ કરવો પડશે નહીં. અત્યાર સુધી દેશના કરોડો લોકોને મફત વેક્સિન મળી છે, હવે ૧૮ વર્ષથી ઉંમરના લોકો પણ આની સાથે જોડાઈ જશે. તમામ દેશવાસીઓને ભારત સરકાર મફત વેક્સિન ઉપલબ્ધ કરાવશે.

પીએમ મોદીએ કહ્યું કે, દેશમાં બની રહેલી વેક્સિનમાંથી ૨૫ ટકા, પ્રાઈવેટ સેક્ટરની હોસ્પિટલો સીધી લઈ શકે, તે વ્યવસ્થા ચાલુ રહેશે. પ્રાઈવેટ હોસ્પિટલ, વેક્સિનની નક્કી

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હીમાં આવતીકાલથી 'જ્યાં વોટ-ત્યાં જ વેક્સિન'

**ઘરે-ઘરે જશે કર્મચારીઓ : લોકોને પોલિંગ સેન્ટર્સ પર જ વેક્સિનેશનની સુવિધા આપવામાં આવશે જેથી લોકોને વેક્સિન લેવામાં કોઈ મુશ્કેલી ન પડે : મુખ્યમંત્રી કેજરીવાલની જાહેરાત**

ન્યુ દિલ્હી,તા.૭

દેશની રાજધાની દિલ્હીમાં વેક્સિનેશનની ઝડપ વધારવામાં આવી રહી છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સોમવારે જણાવ્યું કે, જો કેન્દ્ર તરફથી સતત વેક્સિન મળતી રહેશે તો ૪૫ વર્ષથી વધારે ઉંમરના લોકોને ૧ મહિનામાં વેક્સિન આપી દેવામાં આવશે.



અરવિંદ કેજરીવાલના કહેવા પ્રમાણે ૪૫ વર્ષ કરતા વધારે ઉંમરના લોકોના સેન્ટર્સ પર ખૂબ ઓછા લોકો આવી રહ્યા છે. દિલ્હી સરકાર હવે લોકોના ઘરે-ઘરે જઈને વેક્સિનેશન માટે વિનંતી કરશે. હવે લોકોને પોલિંગ સેન્ટર્સ પર જ વેક્સિનેશનની સુવિધા આપવામાં આવશે જેથી લોકોને વેક્સિન લેવામાં કોઈ મુશ્કેલી ન પડે.

અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે, શરૂઆતમાં ૭૦ વોર્ડમાં આ શરૂ કરવામાં આવશે. પ્રતિ સપ્તાહ ૭૦ વોર્ડમાં આ અભિયાન ચલાવવામાં આવશે. આ રીતે ૪ સપ્તાહમાં આ અભિયાન શરૂ કરવાનો પ્રયત્ન છે. બૂથ લેવલ ઓફિસર્સ હવે લોકોના ઘરે જશે, ૪૫ પ્લસવાળા લોકો અંગે પુછશે અને વેક્સિન અપાવશે. જો કોઈને વેક્સિન ન મળી હોય તો ઓફિસર તેમને સ્લોટ આપીને આવશે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, પોલિંગ બૂથ ઓફિસર આગામી ૨ દિવસ પોત-પોતાના બૂથના ઘરોમાં જશે, આગામી ૨ દિવસના સ્લોટ આપીને આવશે અને પછી બધાને વેક્સિન અપાશે. દરેક સપ્તાહે આ પ્રક્રિયા ચાલશે. ૪ સપ્તાહમાં બધા લોકોને કવર કરી લેવામાં આવશે.

## ભારતમાં ૯.૨૭ લાખ બાળકો અતિ કુપોષિત

**એક આરટીઆઇના જવાબમાં મહિલા બાળ કલ્યાણ મંત્રાલયે કહ્યું : યુપી-બિહાર અવ્વલ**

ન્યુ દિલ્હી,તા.૭

ભારતમાં ૯.૨૭ લાખ બાળકો ગંભીર અને અતિ કુપોષિત હોવાનો ખુલાસો એક ઈંમાં થયો છે. જેમાંથી સૌથી વધુ બાળકો ઉત્તરપ્રદેશ અને બિહારમાં છે. આ બાળકોની ઉંમર ૭ મહિનાથી લઈ ૭ વર્ષ સુધીની છે. નવેમ્બર-૨૦૨૦ સુધીમાં ગંભીર અને અતિ કુપોષિત બાળકોના વર્ગમાં આટલા બાળકો નોંધાયા હતા. મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલયે આરટીઆઈનો જવાબ આપ્યો છે.

નવેમ્બર-૨૦૨૦ સુધી દેશમાં કુલ ૯,૨૭,૬૦૬ ગંભીર અને અતિ કુપોષિત બાળકો નોંધાયા હતા. જેમાંથી સૌથી વધુ ઉત્તરપ્રદેશમાં ૩,૯૮,૩૫૯ અને બિહારમાં ૨.૭૯,૪૨૭ બાળકો છે. ગત વર્ષે કેન્દ્રીય મહિલા અને બાળ કલ્યાણમંત્રાલયે આ વર્ગમાં આવતા કુપોષિત બાળકોનો ડેટા આપવા તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોનો સૂચના આપી હતી. લદાખ, લક્ષદ્વીપ, નાગાલેન્ડ, મણિપુર અને મધ્યપ્રદેશમાં ગંભીર રીતે કુપોષિત હોય તેવાં કોઈ બાળકો નોંધાયા નથી. જો કે આ ચારેય રાજ્યોમાં લદાખ સિવાયા કોઈ રાજ્યની આંગણવાડીએ આ વર્ગના કુપોષિત બાળકોનો ડેટા ઉપરના સ્તરે આપ્યો જ નથી.



## દિવાળી સુધી રેશનકાર્ડ ધારકોને પાંચ કિલો અનાજ મફત મળશે

નવી દિલ્હી, તા. ૭

કોરોનાવાયરસની બીજી લહેરને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે ફરીથી એપ્રિલ ૨૦૨૧ માં ગરીબ પરિવારો માટે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાની જાહેરાત કરી. આ યોજના હેઠળ કેન્દ્ર સરકારે મે અને જૂન મહિનામાં રેશનકાર્ડ ધારકોને વિના મૂલ્યે ૫ કિલો વધારાના અનાજ (ચોખા / ઘઉં) પ્રદાન કર્યા હતા. હવે સરકારે દિવાળી સુધી આ યોજના વધારી દીધી છે. એટલે કે હવે રેશનકાર્ડ ધારકોને દિવાળી સુધી રેશનકાર્ડ પર ઉપલબ્ધ ક્વોટા ઉપરાંત ૫ કિલો મફત અનાજ મળી શકશે.

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના ૨.૦ ના વિસ્તરણની જાહેરાત વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે સાંજે રાષ્ટ્રને સંબોધન દરમિયાન કરી હતી. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો ૮૦ કરોડથી વધુ રેશનકાર્ડ ધારકોને લાભ થશે.

આ યોજનામાં જાહેર કરાયેલ વધારાના નિઃ શુલ્ક ૫ કિલો અનાજ દર મહિને રેશનકાર્ડ પર ઉપલબ્ધ રેશન ઉપરાંત છે. જો કોઈ કુટુંબના રેશનકાર્ડમાં ચાર સભ્યો હોય અને હાલમાં સભ્ય દીઠ પાંચ કિલો રેશન (ચોખા / ઘઉં) ઉપલબ્ધ હોય, તો એક મહિનામાં તે રેશનકાર્ડ ઉપર મળેલું કુલ રેશન ૨૦ કિલો છે.

● અનુસંધાન પાન-૭ પર

## પેટ્રોલ અને ડિઝલના ભાવ વધારામાંથી હાલ છૂટકારો નહીં મળે : ધર્મેન્દ્ર પ્રધાન

નવી દિલ્હી, તા. ૭

કોરોના કાળમાં આર્થિક સંકટનો સામનો કરી રહેલા દેશવાસીઓ માટે પેટ્રોલ અને ડીઝલના વધતા ભાવ પડતાં પર પાટુ મારવાનું કામ કરી રહ્યા છે. દેશના ઘણા શહેર એવા છે જ્યાં પેટ્રોલના ભાવ ૧૦૦ રુપિયા પ્રતિ લીટરને પાર પહોંચી ગયો છે અને પેટ્રોલિયમ કંપનીઓ દરરોજ ભાવમાં વધારો કરી રહી છે. વધતા જતાં ભાવથી ત્રસ્ત દેશવાસીઓ પણ હવે આ મોંઘવારીથી છૂટકારો માંગી રહ્યા છે, પરંતુ દેશના પેટ્રોલિયમ મંત્રીએ સંકેત આપ્યા છે કે પેટ્રોલ અને ડીઝલના વધતા ભાવથી હાલ પૂરતો છૂટકારો મળવો મુશ્કેલ છે.

ગુજરાત પહોંચેલા કેન્દ્રિય પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને પેટ્રોલ અને ડીઝલના ભાવમાં થતાં વધારાને લઈને પૂછવામાં આવેલા પ્રશ્નના ઉત્તરમાં કહ્યું કે હાલમાં સરકારની આવક નહિવત સમાન થઈ ગઈ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન આવક ઓછી રહી અને ૨૦૨૧-૨૨માં સ્થિતિ ગંભીર બની રહી છે. મંત્રીનું કહેવુ છે કે, હાલની પરિસ્થિતિમાં સરકારની આવક ઘટી છે પરંતુ ખર્ચમાં વધારો થયો છે. પેટ્રોલિમય મંત્રીએ આ અંગે સ્પષ્ટતા આપતાં જણાવ્યું કે, હેલ્થ સેક્ટરમાં ખર્ચ વધ્યો છે. વેલફેર એક્ટિવિટીઝમાં સરકાર ખર્ચ કરી રહી છે. તેમનું કહેવુ છે કે વધતા ખર્ચ અને ઓછી આવકને જોતાં હાલમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો કરવાનો યોગ્ય સમય નથી.

## જૂન મહિનાના સાતમા દિવસે ચોથી વખત પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો

ન્યુ દિલ્હી,તા.૭

કોરોના મહામારી સામે ઝઝૂમી રહેલ સામાન્ય જનતાને સોમવારો આકરો ઝટકો લાગ્યો છે. રવિવાર બાદ સોમવારે પણ ઈંધણ કંપનીઓએ પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારી દીધા છે. આજે પેટ્રોલના ભાવોમાં ૨૪-૨૮ પૈસા પ્રતિ લિટર અને ડીઝલના ભાવોમાં ૨૬-૨૮ પૈસા પ્રતિ લિટરનો વધારો થયો છે. જ્યારે રવિવારે આખા દેશમાં પેટ્રોલના ભાવમાં ૨૬-૨૭ પૈસા પ્રતિ લિટર અને ડીઝલના ભાવમાં ૨૯-૩૧ પૈસા પ્રતિ લિટર સુધીનો વધારો થયો હતો. તમને જણાવી દઈએ કે નવી કિંમતો રોજ સવારે ૬ વાગે જારી કરવામાં આવે છે. તમને જણાવી દઈએ કે ઈન્ટરનેશનલ માર્કેટમાં પણ ક્રૂડ ઓઈલના ભાવમાં લગભગ ૨૫-૩૦ સુધીનો વધારો થયો છે. આજે દિલ્લીમાં પેટ્રોલના રેટ ૨૮ પૈસા પ્રતિ લિટર વધ્યા છે. વળી, ડીઝલના રેટ ૨૭ પૈસા પ્રતિ લિટર વધ્યા છે. ઉલ્લેખનીય છે કે ૫ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીના પરિણામો સામે આવ્યા બાદથી ૨૧મી વાર પેટ્રોલ-ડીઝલના ભાવ વધ્યા છે જેમાં ૧૬ વાર એકલા મે મહિનામાં જ વધ્યા છે.

## પાક.માં ભીષણ રેલવે અકસ્માત : ૫૦નાં મોત

**સિંધમાં મિલ્લત એક્સપ્રેસ સાથે સર સૈયદ એક્સપ્રેસની જોરદાર ટક્કર : મિલ્લત એક્સપ્રેસની બોગીઓ બેકાબૂ થઈને બીજા ટ્રેક પર જઈને પડી અને સામેથી આવતી સર સૈયદ એક્સપ્રેસ તેની સાથે ટકરાઈ ગઈ હતી**





ઈસ્લામાબાદ,તા.૭

પાડોશી દેશ પાકિસ્તાનમાં આજે સવારે એક ભીષણ રેલવે અકસ્માત સર્જાયો. સિંધના ઘોતકીમાં રેતી અને ડહારકી વચ્ચે બે ટ્રેનોની ભીડંત થતા અનેક લોકોના મોત થયા છે. સ્થાનિક મીડિયા રિપોર્ટ્સ મુજબ અત્યાર સુધી ૫૦ લોકોના મોતની પુષ્ટિ થઈ છે. ટ્રેનની બોગીઓમાં અનેક લોકો હજુ ફસાયેલા છે આથી મૃત્યુઆંક વધી શકે છે. મળતી માહિતી મુજબ મિલ્લત એક્સપ્રેસ અને સર સૈય્યદ એક્સપ્રેસ એકબીજા સાથે ટકરાઈ. આ અકસ્માત ઘોતકી પાસે થયો છે. સ્થાનિક રિપોર્ટ મુજબ મિલ્લત એક્સપ્રેસની બોગીઓ બેકાબૂ થઈને બીજા ટ્રેક પર જઈને પડી અને સામેથી આવતી સર સૈયદ એક્સપ્રેસ તેની સાથે ટકરાઈ આ કારણે મિલ્લત એક્સપ્રેસની ૮ અને સર સૈયદ એક્સપ્રેસની એન્જિન સહિત ચાર બોગીઓ ટ્રેક પરથી ઉતરી ગઈ. આ અકસ્માતમાં અત્યાર સુધી ૩૦ લોકોના માર્યા ગયા હોવાના સમાચાર છે. જ્યારે ૫૦થી વધુ લોકો ઘાયલ હોવાનું કહેવાય છે. મિલ્લત એક્સપ્રેસ કરાચીથી સરગોધા અને સર સયદ એક્સપ્રેસ રાવલપિંડીથી કરાચી જઈ રહી હતી. અકસ્માત વહેલી સવારે પોણા ચાર વાગ્યાની આસપાસ થયો હોવાનું કહેવાય છે. ટ્રેનની બોગીઓમાં હજુ અનેક મુસાફરો ફસાયેલા છે. પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં સ્થિત ઘોટકીમાં મોટી ટ્રેન દુર્ઘટના સર્જાઈ છે. અહીં બે ટ્રેનોની વચ્ચે થયેલી ભીષણ ટક્કરમાં ઓછામાં ઓછા ૫૦ લોકોનાં મોત થયાના અહેવાલ છે. દુર્ઘટનાની ભયાનક તસવીરો જોઈને આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે મૃતકોની સંખ્યા વધી શકે છે.

**મકાન વેચવાનું છે**

સેક્ટર-૨૯માં સરકારી દવાખાનાની પાછળ ૮૧ મીટરના પ્લોટમાં ૪૯ના બાંધકામવાળું મકાન

સંપર્ક : મો. ૯૭૧૨૫ ૨૬૮૮૪

નોંધ : દલાલોએ તસ્દી લેવી નહી.

**Consultant Required**

A government body at Gandhinagar, Gujarat intends to establish an online exam center for about 100-200 terminals. For developing a detailed project report, interested consultants/ agencies mentioning similar experience can send email their CVs / agency details at gandhinagar@npcindia.gov.in

## વિસનગરા નાગર અવસાન



અમારા માતુશ્રી

**અવંતિકાબેન રમેશચંદ્ર વ્યાસ**

તા ૦૭-૦૬-૨૦૨૧ ને સોમવાર ના રોજ દેવલોક પામ્યા છે

ભગવાન તેમના દિવ્ય આત્માને શાંતિ આપે

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ટેલિફોનિક બેસણું

તા ૦૮-૦૬-૨૦૨૧ ને મંગળવારે

રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે રાખેલ છે

લિ.

પંકજ વ્યાસ (પુત્ર) (૯૯૭૯૧ ૮૬૪૪૦) કિશોરી વ્યાસ (પુત્રવધુ) (૯૪૨૮૦ ૧૦૬૮૯)

મનોજ વ્યાસ (પુત્ર) (૯૯૨૫૧ ૪૭૮૫૪) બિંદુ વ્યાસ (પુત્રવધુ) (૭૮૫૯૯ ૦૬૩૯૮)

સ્વ.અમિતકુમાર મહારાજા (જમાઈ) કલ્પનાબેન મહારાજા (પુત્રી) (૭૦૬૯૮ ૪૯૭૬૫)

પ્રકાશ જહા (જમાઈ) (૯૦૯૯૯ ૫૧૫૭૧) વંદનાબેન જહા (પુત્રી) (૭૮૭૪૮ ૦૮૧૧૪)

પિયરપક્ષનું બેસણું રાખેલ નથી.

સમસ્ત દેસાઈ પરિવાર

સરનામું : પ્લોટનં -૧૧૬૩/૧ સેક્ટર-૨/એ ,ગાંધીનગર